**મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૪, અમદાવાદ.**

**CC**–35721–2024

**<u>ફરીયાદી:–</u>** ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**<u>વિરુધ્ધ</u>**

**<u>આરોપી:–</u>** UMANG LAXMANBHAI SABBAN

**<u>ગુન્હો : ગુજરાત પ્રોહીબીશન એક્ટ કલમ ૬૬(૧)(બી) ૮૫(૧) તથા જી.પી.એક્ટ કલમ ૧૧૦,૧૧૭ વિ. મુજબ</u>**

**<u>ઠરાવ</u>**

૧). આ કામની ફરીયાદ હકીકત આરોપીને વાંચી સભળાવી અને સમજાવવામાં આવેલી છે તેના જવાબમાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે.આરોપીએ સ્વખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી.ફરીયાદીનો રીપોર્ટકે આરોપીઓ /આરોપી સામે અન્ય કોઈ ગુનો બહાર આવેલ નથી તે ઘ્યાને લીધો. <u>વળી હાલ કોરોના ને કારણે લોકોની આર્થીક પરીસ્થિતિ માં ઘટાડો જોતાં દંડ યોગ્ય રીતે કરવો ન્યાયી જણાય છે.</u>

૨). આરોપીએ સ્વેચ્છાથી ગુન્હાની કબુલાત કરેલ છે અને કબુલાત પુરસીસ /પ્લી રજુ કરેલ છે જે ખુબ ગરીબ છે તથા એક માત્ર કમાનાર હોઈ દંડ ભરવા મુદત આપવા સારુ તથા ઓછી સજા કરવા દયાની માગણી કરેલ છે અને જણાવેલ છે કે પ્રથમ ગુન્હો છે અને કુટુબનો ભરણપોષણનો આધાર આરોપી પર છે.આ કામના ગુન્હાનુ સ્વરુપ લક્ષમાં લઈ તથા આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતો હોઈ નીચે મુજબનો હુકમ કરુ છુ.

૩). કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે **<u>ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં. ૭૦૯)</u>** આપેલ સમજુતિ મુજબ, આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે :–

**<u>હુકમ</u>**

આરોપીને ક્રીમીનલ પ્રો.કોડની કલમ ૨૫૨ મુજબ ગુજરાત પ્રોહીબીશન એક્ટ કલમ **૬૬(૧)(બી) ૮૫(૧) <u>તથા જી.પી.એક્ટ કલમ ૧૧૦,૧૧૭</u> વિ.**ના ગુનામાં ગુન્હેગાર ઠરાવી દરેક આરોપીને રુા.**૨૦૦/–પુરા અંકે બસો રુપીયા પુરા**નો દંડ ફરમાવવામાં આવે છે.જો આરોપીઓ દંડ ન ભરે તો દીન ૨ ની સાદી કેદની સજા ફરમાવુ છુ.

અપીલ સમય પુરો થયે મુદ્દામાલની માલીકીની ખરાઈ કરી તેના માલીકને પરત કરવો / મુદ્દામાલની નાશ કરવો / મુદ્દામાલ બાબતે ઈન્કવાયરી કરવી / મુદ્દામાલ સંબંધે અગાઉ થયેલ હુકમ કાયમ કરવામાં આવે છે / મુદ્દામાલ સરકાર ખાલસા કરવો.

**કોર્ટ નં: ૪– મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ**
તા. ૨૨/૦૬/૨૦૨૪

**(હીના જીતેન્દ્રભાઈ બ્રહમભટ્ટ)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ(કોર્ટ નં. ૪)
જીજે–૦૧૧૭૨

ઠરાવ બાદ આરોપી ખુબ ગરીબ હોઈ તે ટીઆરસી માટે તૈયાર છે. પણ દંડ ભરવા મુદત માંગેલ છે. તેથી દંડ ભરવા મુદત: તા ૨૨/૦૬/૨૦૨૪ સુધી સમય આપેલ છે. તે દીવસે દંડ જમા લેવો. તથા કેસ નો નીકાલ કરવો. દંડ કલમ ૨૦૬ સીઆરપીસી મુજબ એડવોકેટ કે ઈષ્ટ મીત્ર ધ્વારા લઈ શકાશે

**<u>વધુ હુકમ:</u>**

**આજ સ્પેશીયલ સીટીંગ માં દંડની રકમ ચુકતે થયેલ હોઈ આ કેસ નો નીકાલ ગણવો.**
આજરોજ લોક અદાલત માં વાંચી સંભળાવી ને જાહેર કર્યો.

**કોર્ટ નં: ૪– મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ**
તા. ૨૨/૦૬/૨૦૨૪

**(હીના જીતેન્દ્રભાઈ બ્રહમભટ્ટ)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ(કોર્ટ નં. ૪)
જીજે–૦૧૧૭૨